


## સલામી સવારની..

*વ્યાપ્યું છે ઝેર અંગે અંગ, ને નાડીઓ તૂટે છે,*
*થયેલા ભ્રષ્ટાચારમાં હવે કડીઓ ફૂટે છે,*
*વેરાયા ઘરમાં જ કૌભાંડી 'દાડમ'ના દાણા -*
*ગીર રિસોર્ટમાં હવે પ્રાણીઓના જીવ ઘૂંટે છે*

હાઈકુ

*લ્યો! ડૂબાડશે!*
*હવે, વ્હાલનો દરિયો -*
*જમીનમાં જ!*

*ગુજ્જુ સિંહોને -*
*આ યુપીનો માહોલ*
*માફક નથી!*
*(બેલડીને ચૂંટણી ચિંતા)*

## ચિંતન

**હીયમાનેન ન સંધિ કુર્યાત્ ॥**

'ચાણક્યનીતિ શાસ્ત્ર'નું આ સૂત્ર છે :

'દુર્બળ-રાજા કે રાજય સાથે કદાપિ સંધિ-ચર્ચા-સંવાદ-સમજૂતિ કરવા ન જોઈએ.'

નબળો રાજા કે રાજય બધી રીતે નિર્બળ હોય છે એને પોતાની નિર્ણય શક્તિ જ નથી હોતી. તેને આર્થિક સહાય કરી ટકાવી રાખનારની બુદ્ધિ પર ફરજિયાત ચાલવું પડે છે. અને તેના કહ્યામાં જ રહેવું પડે છે. આવો રાજા કે રાજય સાથે કોઈ પણ જાતની સંધિ-સમજૂતિ-ચર્ચા-વિવાદ કરવાનો કોઈ અર્થ નથી કારણ કે તેને પોતાના મક્કમ નિર્ણય નથી અને વચન પાળવાની શક્તિ નથી.

પાકિસ્તાનના રાજા-વડાપ્રધાન તેની લશ્કરી પાંખથી દબાયેલા છે. સૈન્ય ઈચ્છો તો જ વડાપ્રધાન બને અને ટકી શકે. સૈન્યની ઈચ્છા વિના કોઈથી મૈત્રી-સમજુતિ પણ ન કરી શકે તો તદન ફોક થઈ જાય. નવાઝ શરીફની ઈચ્છા હોય તો પણ સૈન્ય તેનો અમલ થવા જ ન દે.

## સુવિચાર

- જીવન સમજવું હોય તો ક્ષણનો ખ્યાલ કર...
  ટીપાંની વાત એ જ સમંદરની વાત છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- પુણ્યનો સાચો લાભ પુણ્ય ને છૂપાવવાથી મળે છે, તેના પ્રદર્શનથી નહીં - **અમૃતબિંદુ**
- તમે સુખી છો પણ તમને તમારા સુખનું કારણ ખબર ના હોય તો સમજવું કે
  તમે ખરેખર સુખી છો - **એસ. ભટ્ટાચાર્ય**
- તમે જયારે વિચારવાનું પડતું મૂકી દો છો ત્યારે
  બોલવાને બદલે બરાડવાનું શરુ કરી દેતા હોવ છો - **ખલીલ જીબ્રાન**
- અતિશય આરામ એ પોતે જ એક પીડા છે - **વેદવ્યાસ**
- જૂનાં દુ:ખો માટે નવા આંસુ વેડફશો નહીં - **જનકલ્યાણ**
- **આજનું ઔષધ :** ધોડાવજ અને ગેરૂને ગરમ પાણીમાં પેસ્ટ બનાવી સાંધાના દુ:ખાવા ઉપર લગાડવાથી ફાયદો થાય છે

(સંકલન : દીપક વી. આસરા)

## બોધકથા

કેટલાક લોકો વિના કારણ આપણો વિરોધ કરે. અસંમત થાય-આપણી તરફ અણગમો રાખે એનાં પાછળ કોઈ રહસ્યમય બીજું જ કારણ હોય છે. છૂપી ઈર્ષા અહમની ટક્કર-દાંભીક સ્નેહ જેવું કંઈક હોઈ શકે. એમના આચાર-વિચારમાં એવી કોઈ છૂપી બાબતને શોધી કાઢવી જોઈએ.

એક યુવાન એક સંત પાસે આવ્યો અને કહ્યું મારી પત્નીનો સ્વભાવ ખૂબ જ ખરાબ છે કોઈ પણ વાતમાં એનો નનૈયો અને વિરોધ જ હોય, બધાના વર્તનમાં અવિશ્વાસ ટીકા-ટિપ્પણ અને બોલબાલા તો ખરાં જ. હું એક જવાબ આપું તો ઝઘડો શરુ થઈ જાય - હું શું કરું.

સંત કહે, તું શાંતિથી એની બધી વાત સાંભળી લે એક પણ વાતનો જવાબ ન આપજે - ટેવાઈ જાય ત્યારે પાછો મારી પાસે આવજે. યુવાન છ મહિને પાછો આવ્યો. કહ્યું, સ્વામીજી પચાસ ટકા ફાયદો થયો છે પણ વિના કારણ-હજુ કયારેક બોલે તો છે. સંત કહે - હવે જે નથી બોલતી એ શબ્દો સાંભળવા પ્રયત્ન કર અને જોડો કયા ડખે છે તે શોધી કાઢ! કારણ તેના મન-હૃદયમાં ગુપ્ત રીતે પડ્યું જ છે.

# હેડલીનું કબૂલનામું : પાકિસ્તાન માટે મોં બતાવવું મુશ્કેલ

**તંત્રીસ્થાનેથી...**

પાકિસ્તાનની નાપાક હરકતો વિશે દુનિયાભરમાં સર્વસંમતિ સધાઈ હોવા છતાં અમેરિકા અને ચીન જેવા શક્તિશાળી રાષ્ટ્રો એને મદદ કરતાં રહે છે અને પોતપોતાની અનુકૂળતા મુજબ એનો ઉપયોગ કરતાં રહે છે તે આપણા સમયની મોટી વિડંબના ગણાવી જોઈએ. ૨૬/૧૧ના મુંબઈ હુમલા પાછળ પાકિસ્તાનનો સીધો હાથ હોવાની કબૂલાત કરીને ડેવિડ હેડલીએ પાકિસ્તાનનો સાચો ચહેરો દુનિયા સમક્ષ ખુલ્લો પાડી દીધો છે. આ હુમલો પદ્ધતિસરના આયોજન પછી પાકિસ્તાનની કુખ્યાત ગુપ્તચર એજન્સી આઈએસઆઈ એ કરાવ્યો હતો એનો આથી મોટો પુરાવો કયો હોઈ શકે? હેડલી મૂળે પાકિસ્તાની મુસલમાન છે અને અમેરિકાની અદાલતે એને મુંબઈ હુમલાના માસ્ટર માઈન્ડ એવા લખવી તથા હાફિઝ સઈદને ભારતની વિવિધ જગ્યાઓની આગોતરી રેકી કરીને નકશા તથા વીડિયો પૂરા પાડ્યા હતા. આ બધા ઉપક્રમમાં પાક સેના અને આઈએસઆઈએ સક્રિય ભૂમિકા ભજવી હતી તથા જરૂરી નાણાં પૂરાં પાડ્યાં હતા. તથા સુરક્ષા કવચ પણ પુરું પાડ્યું હતું. અમેરિકાના પ્રતિષ્ઠિત અકબાર ન્યુયોર્ક ટાઈમ્સમાં હેડલીએ એનઆઈએ સમક્ષ કરેલ આ કબૂલાતનામું છપાયા પછી પાકિસ્તાન પાસે બચાવ કરવાનો કોઈ સ્કોપ જ બચતો નથી. આઈએસઆઈ દ્વારા જ કદાચ આઈએસઆઈએસ 'ઈસ્લામિક સ્ટેટ'નો આઈડિયા પણ રમતો મુકાયો હોવાની શક્યતા નકારી શકાય એમ નથી. છેલ્લાં ઘણાં વર્ષોથી આંતરરાષ્ટ્રીય જેહાદી પરિબળોને પ્રોત્સાહન આપી રહેલ આઈએસઆઈને મહાસત્તાઓ કયારે બ્લેક લિસ્ટમાં મૂકશે? યુનો સહિત તમામ શાંતિ ચાહકો વારંવાર ભારત પર પાકિસ્તાન સાથે સંબંધો સુધારવાની અને વધારવાની સલાહ આપતી રહે છે. પરંતુ જો સામી પાર્ટીને શાંતિપૂર્ણ સહ અસ્તિત્વ જોઈતું જ ન હોય, જો એ કોઈને કોઈ બહાને દેશની સરહદો સળગતી જ રાખવા કૃતસંકલ્પ હોય તો એની સાથે વાટાઘાટોનો કોઈ અર્થ ખરો? અફઘાનિસ્તાન અને ભારત સહિત અનેક દેશોમાં જેહાદી પરિબળોને સક્રિય મદદ કરતું પાકિસ્તાન ઘર આંગણે આતંકવાદનો શિકાર બનતું રહ્યું છે અને એવી પેશાવર-બ્રાન્ડ ઘટનાઓનો એ પોતાની ઢાલ તરીકે ઉપયોગ પણ કરતું રહ્યું છે. પરંતુ પાક સેના રાષ્ટ્રવાદી આંદોલનોને ડામી દેવા માટે એ જ તાલિબાન અને અલકાયદા જેવા આતંકવાદી સંગઠનોનો ઉપયોગ કરે છે, તે કોઈથી અજાણ્યું નથી રહ્યું. પાકિસ્તાન અફઘાનિસ્તાનમાં ભારતના હસ્તક્ષેપથી અકળામણ અનુભવે છે. તાલિબાનનો ઉપયોગ કરી અફઘાનિસ્તાનને એ સુન્ની પ્રભાવક્ષેત્રમાં પકડી રાખવા ધમપછાડા કરતું રહે છે. પાકિસ્તાન ઈસ્લામિક એજન્ડા દેશ અને દુનિયા માટે ખતરનાક છે. આ એજન્ડાના ભાગ રુપે જ આઈએસઆઈએસ જેવી ખૂંખાર આતંકી એજન્સી ઊભી થઈ છે, જેનાં થાણાં હવે ભારતમાં પણ નંખાઈ ચૂક્યાં છે. ખરું જોતાં મુસ્લિમ પ્રજાની આખી દુનિયામાં બેઈજ્જતી કરી રહેલ પાકિસ્તાન સામે દેશના મુસલમાનોએ જ જેહાન ઉપાડવી જોઈએ, પરંતુ પૂરતી માહિતીના અભાવે તથા લઘુમતી સહજ અસલામતીની ભાવનાને કારણે આપણા દેશની મુસ્લિમ પ્રજા આ પ્રકારનું રાષ્ટ્રીય આંદોલન ઊભું કરવામાં સદંતર નિષ્ફળ રહી છે તે ખૂબ જ દુ:ખદ બાબત છે.

# યાહોમ કહીને પડો : ફતેહ છે આગે






સાબરમતીના નિરંતર ગતિશીલ વારીની શાક્ષીએ અમદાવાદ શહેરમાં બે તદ્દન અસમાન હરીફો વચ્ચેનો સંઘર્ષ થવાનું રણશિગું ફૂંકાઇ ગયું હતું. રાજ્ય અને દેશના અનેક લોકો ૧૯૫૬ ના ઓક્ટોબર મહિનાની બીજી તારીખે થનાર આ ''નિર્બલસે લડાઈ બલવાનકી - યે કહાની હૈ દિયેકી ઔર તુફાનકી'' જેવા સંઘર્ષના અસામાન્ય પ્રસંગને નીરખવા તથા પરખવા આતુર હતી. બાબત પણ કંઈક અસાધારણજ હતી. એક તરફ લંડનની સુપ્રસિધ્ધ હેરો તથા કેંબ્રીજમાં શિક્ષણ પામેલા તથા દેશ અને દુનિયામાં સુવિખ્યાત એવા સત્તાધારી પુરૂષ હતા. બીજી તરફ નડિયાદની ધૂળી નિશાળમાં ભણેલાં અને જૂનાગઢી નરસિંહના વારસદાર અકિંચન પરંતુ પરશુરામ જેવો મિજાજ ધરાવનાર સાક્ષર હતા. એકતરફ સમગ્ર દેશના બાળકોના પ્રિય તેમજ ફૂલગુલાબી વ્યક્તિત્વ ધરાવતા ચાચા નહેરૂ હતા. બીજા છેડે દૂભ્યા - દબાયેલા મજૂરો - કિસાનો તથા અમદાવાદની રીક્ષાવાળાઓના માનીતા ઈન્દુચાચા હતા. ભારત સરકારના પ્રધાનમંત્રીને સુરક્ષાના સંપૂર્ણ કવચ સાથે લઈ આવતું ભવ્ય અને ખાસ વિમાન હતું. ઈન્દુચાચાને સભાસ્થળે પહોંચાડવા અમદાવાદના રીક્ષાચાલકો આતુર હતા. સભાસ્થળની માગણી તો બન્ને પક્ષ તરફથી સત્તાવાળાઓ સમક્ષ રજૂ થઈ હતી. એ બાબત સ્વાભાવિક છે કે તે વખતે જવા માટે અનુકૂળ પડે તેવા નજીકના સ્થળની ફાળવણી પ્રધાનમંત્રીની અનુકૂળતાને ધ્યાનમાં લઈને તેમની જાહેર સભા માટે કરવામાં આવી હતી. જ્યારે જેમને કવિ ઉમાશંકરે 'અમીર શહેરના ફકીર બાદશાહ' કહેલા તેવા ઈન્દુચાચાની સભા માટે તે સમયના અમદાવાદીઓને જવાનું દૂર લાગે તેવા શહેર બહારના મેદાનમાં જગા ફાળવવામાં આવી હતી. સભાનો સમય એક હતો. (overlapping) સાબરમતીના પાણી મૂક શાક્ષી બની ઝડપભેર બનતી ગતિવિધિઓને નીરખતા હતા. આ ઊંડા તથા શાંત જળને કદાચ પોતાના કિનારે પાંગરેલા પુત્રવત શહેરના નગરજનોની વિવેકવૃત્તિ પર અગાધ ભરોસો હતો. ઘટના પણ અસાધારણજ પુરવાર થઈ. છટાદાર ભાષા તેમજ મનોહર વ્યક્તિત્વના સ્વામી એવા પંડિતજીની ફિક્કી સભા સામે થેલાધારી ફકીરની સભામાં માનવ મહેરામણ ઊભરાયો હતો. માધ્યમોમાં આ સમાચારના મથાળા છપાયા તે વાંચીને ભલભલા લોકો દંગ રહી ગયા ! અમદાવાદની શાણી જનતાએ ગુજરાતીઓની ઊંડી કોઠાસૂઝનું દર્શન કરાવ્યું. ગુજરાતીઓનેમન ''મોંઘેરી ગુજરાત'' મેળવવાની બાબત એ તેમની અગ્રતાના સૌથી પહેલા ક્રમે હતી. ઈન્દુચાચાનો બૂલંદ અવાજ આ માગણી સાથેજ ઊઠ્યો હતો અને તેથી તેને પ્રચંડ લોક સમર્થન હતું. અનેક લોકહૈયા તે દિવસે કવિ પ્રદીપજીના શબ્દોથી ભીના થયા હતા.

*કૌન હરે અબ દુ:ખ હમારે*
*દૂર ખડે જનતા કે પ્યારે*
*સીસક રહી ગાંધી કી ધરતી*
*બીગડ ગઇ હર બાત*
*આજ આંખમેં આંસુ લેકર*
*બૈઠા હૈ ગુજરાત....*

બીજી ઓકટોબર - ૧૯૫૬ ની સાંજે પશ્ચિમ દિશામાં વિદાય થઈ રહેલા ભાણે તથા સાબરમતીના અગાધ જળે આ અસામાન્ય ઘટનાના મૂક શાક્ષી બનીને પોતાની નિર્ધારિત ગતિ અનુસાર પ્રયાણ કર્યું. ફેબ્રુઆરી માસની બાવસમી તારીખે (૧૮૯૨) શાક્ષરોના નગર નડિયાદમાં જન્મ લેનાર આ વીર ફકીરની સ્મૃતિ અનેક લોકોને આજે પણ થયા કરે તેવી જીવંત - ઉજ્વળ તેમજ પ્રેરણાદાયક છે. ગુજરાત તેના અસ્તિત્વના આ સર્જકને કદી વિસરી નહિ શકે તે નિ:શંક છે.

ઈન્દુચાચાએ પોતાની આત્મકથાનું આલેખન કરીને તત્કાલિન સમયની અનેક મહત્વની ઘટનાઓને સાચવી રાખવાનું અમૂલ્ય કાર્ય કરેલું છે. આદિથી અંત સુધી આ આત્મકથામાં નાયક ઈન્દુચાચા નહિ પરંતુ ગુજરાતનો વ્યપાક જનસમૂહ રહે તેની સંપંર્ણ તકેદારી તેમના દરેક શબ્દમાંથી નીતરતી જોવા મળે છે. '' આ જીવનકથાનો હું નાયક નથી '' તેમ કહેતા ચાચા ગર્વનો ભાવ અનુભવતા હતા. તત્કાલિન સરકારે આ આત્મકથાનું સાહિત્યિક મૂલ્ય પારખીને પુરસ્કાર પ્રદાન કર્યું. તે સમયે દ્વિભાષી મુંબઈ રાજ્યની સરકાર હતી અને ગુજરાત

અનુસંધાન પાના નં. ૭ પર

# આત્મસમ્માન યાની ૪૦૦/- રૂપયે કા ચૂના

ઘણા વખત પહેલા એક અંગ્રેજી નવલકથા 'The Bomb Party' લેખક ગ્રેહામ ગ્રીન... વિશે એક પુસ્તકમાં વાંચવાનો અવસર સાંપડ્યો હતો... હમણાં ડાયરીમાં એ ગ્રેહામ ગ્રીનનું એક અવતરણ વાંચવામાં આવ્યું. 'હું સંશોધન કરું છું - શ્રીમંતોના લોભ વિશેના.'

અને આ વાંચીને તે કથાનો સારાંશ યાદ આવી ગયો... કથામાં એક અતિ ધનવાન વ્યક્તિની વાત છે... તેની યુવાન પુત્રી એક તેનાથી ૨૦ કે ૨૫ વર્ષ મોટી ઉંમરના પુરુષ સાથે પ્રેમમાં પડે છે... અને તે તેના પ્રિયતમને કહે છે કે - બધું કરજે પરંતુ મારા પિતાની માયાજાળમાં ફસાતો નહીં... પુષ્કળ ઘમંડી અને તોછડા એવા તેના પિતા અતિ અતિ ધનવાન છે... અને તેનાથી પણ વધુ અભિમાની છે... છાશવારે સામેવાળાનું અપમાન કરી નાખે છે... વર્તનમાં નરી તોછડાઈ છે... તોછડાઈનું બીજું નામ તે ફિશર (તે યુવતીના પિતા.) પૈસો માણસને કેવો કરી મૂકે છે...!

આ ફિશરને એક ટેવ હતી. મહિનામાં એકાદવાર એ પાર્ટી ગોઠવે. પાર્ટીમાં શ્રીમંતો જ હોય... ફિલ્મ કલાકારો, ઉદ્યોગપતિઓ, રાજકારણીઓ આ પાર્ટીમાં અપમાન સહન કરીને પણ શ્રીમંતો અચૂક જતાં અને ફિશર આ પાર્ટીમાં શ્રીમંત ભિખારીઓને ભેગા કરતા...

રખેને પાર્ટીમાં કોઈ સૂપના વખાણ કરતા તો તરત ફિશર કહેતો કે સૂપ તો વાસી છે! કયા મોઢે આટલા વખાણ ખરો છો! ખુશામત કરતા શરમ નથી આવતી! છતાંય માણસો બધું સાંભળી લેતા, ઘૂંટડા ગળી જતા, કારણ કે ફિશર જેવા અબજોપતિનું નિમંત્રણ પણ સ્ટેટ્સ સિમ્બોલ ગણાતું... અપમાનો એટલા માટે સહન કરતાં, કારણ કે દરેક પાર્ટીને અંતે ફિશર બધાને એક મોંઘીદાટ ગિફ્ટ આપતા. આ બધા શ્રીમંતો ભેટસૌગાદોના ભિખારી હતા... સ્વમાન જેવું કશું જ ન હતું.

એક વાર ફિશરે થોડાક માણસોને એટલે કે ખાસ્સા શ્રીમંત માણસોને આમંત્રણ આપ્યું અને કહ્યું કે આ મારી છેલ્લી પાર્ટી છે. આ પાર્ટીને અંતે દરેકને ભવ્યમાં ભવ્ય અને અતિમૂલ્યવાન ગિફ્ટ આપવામાં આવશે... પરંતુ મારે પ્રામાણિકપણે કહેવું જોઈએ કે આમાંની કોઈક એક ગિફ્ટ જોડે બોમ્બ પણ સંકળાયેલો છે. એક બાજુ ફિશરની મિલકતનો અંશ, તેની સાથે સંકળાયેલી ગિફ્ટ અને બોંબનો ભય. છતાં પણ બધા શ્રીમંત ભૂખ્યા વરુઓની જેમ પાર્ટીમાં ગયા. દરેકને એમ કે મારી ગિફ્ટ સાથે કદાચ બોંબ ન પણ સંકળાયેલો હોય. અને ચિક્કાર પૈસા મળવાના હોય તો આટલું તો સાહસ સો દુ:સાહસ ખેડવું જ જોઈએ.

**આપણા સમાજમાં 'સ્વમાન' શબ્દ હવે નામશેષ બની રહ્યો હોય તેમ લાગે છે... લોકો પોતાના 'સ્વમાન-માન' સાથે બાંધછોડ કરીને પણ લાભ લઈ લેવા માંગે છે... 'સિંહ ભૂખ્યો મરી જાય પણ ઘાસ ન ખાય' જેવી કહેવત સમજાવવા માટે કોઈ દ્દષ્ટાંત આગામી સમયમાં ન મળે તો નવાઈ નહીં!**

પાર્ટી શરુ થઈ ગઈ. ખાણીપીણીની બહુ મોટી અને ભવ્ય દાવત હતી. એક સ્ત્રીને એક લાખ ડૉલરનો ચૅક મળ્યો... પાર્ટીમાં આવેલા બધા માણસો ફિશરે કરેલા અપમાનને અંદરથી તેને એટલા બધા ધિક્કારતા હતા કે એમનું ચાલે તો એ લોકો ફિશરનાં મોઢાં પર થૂંકે.. પણ લોભી માણસો કશું ન કરી શકે એવા કાયર હતા...

નવલકથાના અંતે ફિશર પોતાના બગીચામાં જઈને લમણા પર પિસ્તોલ મૂકીને આત્મહત્યા કરે છે... ફિશરને પુરવાર કરવું હતું કે આ દુનિયામાં શ્રીમંત માણસો સૌથી વધુ લોભી હોય છે... લાલચું હોય છે... પૈસાના પૂજારી હોય છે... સ્વમાન વિનાના હોય છે... પૈસા મળતા હોય તો નરકની યાતના વેઠવા પણ તૈયાર થઈ જતા હોય છે...

આપણને પણ સમાજમાં આવા ઘણા લોકો જોવા નથી મળતા? શ્રીમંતોની મિત્રતારુપી રોટલાનો ટુકડો મેળવવાની હોડમાં કેટલા બધાને પોતાના સ્વમાનને ગિરો મૂકતા ભાળ્યા છે. સ્વમાન-માન સન્માન આ બધાનું પોટલું વાળીને ફેંકી દેતા હોય છે...

હાડોહાડ અપમાન થતું હોવા છતાં પોતાને લાભ મળી રહેતો હોય તો અપમાનને પણ પ્રસાદીની જેમ સહન કરી લેતા હોય છે... મનમાં ને મનમાં તે શ્રીમંતને ભરપૂર ગાળો આપતાં રહેતા હોવા છતાં... તેમની સામે ભીગી બિલ્લી બની રહે છે...

ઘર-પરિવારમાં, મિત્રવર્તુળમાં-સ્નેહીઓમાં, બિઝનેશ રીલેશનમાં, ઑફિસમાં ઉપરી અધિકારી સાથે લાફો ખાઈને પણ ગાલ લાલ રાખવાવાળા લોકો શોધવા જવા પડે તેમ નથી! તરત મળી આવશે...

પોતાનો સ્વાર્થ સધાતો હોય તો, સમ્માન અને માનને અવગણીને પણ જે-તે શ્રીમંતોનો સાથ મેળવવાનો અને તે લાભ લઈ લેવાનો પ્રયત્ન કરતા લોકો હોય છે... અને પછી તે શ્રીમંત પણ આનો લાભ લે છે... પૈસાના, ટુકડા વેરી-વેરીને એક યા બીજા પ્રકારે અપમાનિત કરે છે...




રૂપિયા આપીને એકલતા દૂર કરવા માટે શ્રીમંતો-ધનવાનો લોકોનો સાથ ખરીદે છે... સામેવાળા પણ પોતાના અપમાનોથી તેની કિંમત ચૂકવે છે...

ખબર જ હોય કે, આ વ્યક્તિ છાશવારે અપમાન કરીને હડધૂત જ કરે રાખે છે, તો પણ લળી લળીને તેની સાથે રોજ અપમાનિત થવા તૈયાર હોય છે...

ઑફિસમાં દીઠો ન ગમતો ઉપરી અધિકારી હોવા છતાં તેની ચાપલૂસી કરીને 'ગુડબુક'માં આવવાના પ્રયત્ન કરતાં કર્મચારીઓ તો અઢળક મળી આવશે...

આ આખી એક સિસ્ટમ થઈ ગઈ છે... આવા લોકો સમાજમાં જોઈએ ત્યારે વિચાર આવે કે બે ટાઈમના રોટલા હાથ મજૂરી કરીને કમાતા મજૂર આમના કરતા વધુ સન્માનપ્રિય હશે... આપણા સમાજમાં 'સ્વમાન' શબ્દ હવે નામશેષ બની રહ્યો હોય તેમ લાગે છે... લોકો પોતાના 'સ્વમાન-માન' સાથે બાંધછોડ કરીને પણ લાભ લઈ લેવા માંગે છે... 'સિંહ ભૂખ્યો મરી જાય પણ ઘાસ ન ખાય' જેવી કહેવત સમજાવવા માટે કોઈ દ્દષ્ટાંત આગામી સમયમાં ન મળે તો નવાઈ નહીં!

● શીર્ષકની લાઈન 'ગુલામ' ફિલ્મમાં આમીરખાનનો ડાયલોગ છે... ફિલ્મમાં ચોર ગુનેગાર એવા આમીરખાનનો કેસ કાયમ એક વકીલ (મહિલા) મફતમાં લડી તેને છોડાવતી હોય છે એક વાર કેસમાં છૂટ્યા પછી આમીરખાન પૂછવા ખાતર તે વકીલને પૂછે છે કે આજે તમે ફી લો, શું ફીસ છે તમારી! અને પેલી મહિલા વકીલ કહે છે કે 'આમ તો હું ફી ન લેત પણ, વારંવાર આવું કરવાથી તારા આત્મસમ્માનને ઠેસ પહોંચશે માટે ૪૦૦/- રૂપિયા આપ.'

આમીર સાથે તેનો જોડીદાર હોય છે - તે આમીરને પૂછે છે? યાર! આત્મસમ્માન એટલે શું? એટલે આમીરખાન કહે છે - આત્મસમ્માન યાની ૪૦૦/- રૂપયે કા ચૂના...

- jayuoza@gmail.com
Mo. 9898046488

# કોઈ એકને પ્રેમ કરવો, અખંડ પ્રેમ કરવો એ પ્રેમ કે મૈત્રીનો અંત નથી પરંતુ સમગ્ર અસ્તિત્વને પ્રેમ કરવા તરફનો આરંભ છે, કોઈના તરફ જોવું - આકર્ષિત થવું ગમતાં થવું અને પ્રેમ અનુભવવો એ તમામ અનુભૂતિ જુદી છે

'માત્ર આ વરસે જ નહિ, તમારું વરસ સીધું ઉતરે તો દર વરસે તમારી ફેવરીટ હીરોઈન ઐશ્વર્યાને વેલેન્ટાઈન ડે પ્રસંગે ગુલદસ્તો આપવા પહોંચી જજો, મને આનંદ થશે.' પત્ની દર્શનાએએનો પતિ મનીષને આવું કહ્યું ત્યારે આસપાસ બેઠેલી બે-ત્રણ સ્ત્રીઓના ચહેરા પર સ્હેજ અણગમો ઉપસી આવ્યો, એવા ભાવ સાથે કે દર્શના જરા વધારે પડતી છૂટ એના પતિને આપી રહી છે. પરંતુ દર્શનાને જ ખબર હતી કે એક પાક્કા પ્રેમના સંબંધના મજબૂત પાયા પર - ભરોસા પર એ આવું વિધાન કરી રહી હતી.

અભ્યાસમાં પારંગત અને શાળા-કૉલેજકાળમાં મજાકમસ્તીમાં પણ અગ્રેસર એવા મનીષને હાઈસ્કૂલમાં શિક્ષકની નોકરી મળ્યાનો આનંદ હતો.

સાવ તાલુકા લેવલના સ્થળે અભ્યાસ કરીને પછી નજીકના શહેરમાં હોસ્ટેલમાં રહીને અંગ્રેજી વિષય સાથે બી.એડ્. કરનારી દર્શના સરળ અને વાતવાતમાં હાસ્યના ફુવારાથી સહુને ભીંજવનારી છોકરી હતી.




બંનેના પરિવારો એક જ સમાજ અને જ્ઞાતિના હતા બંને વચ્ચે પરિચય પણ હતો એન એમ બંનેની રાજીખુશીથી દર્શના-મનીષના લગ્ન થયા. દર્શના પણ હાઈસ્કૂલમાં અંગ્રેજી વિષય ભણાવતી થઈ. અંગ્રેજી સાહિત્યની વાર્તાઓ અને કવિતાઓ થકી એના હૈયામાં એક વિશેષ સંવેદના પ્રેમની જન્મી હતી જે એના ગુજરાતી વ્યવહારમાં ભારોભાર છલકાતી હતી. ફુલો માત્ર વસંતૠતુમાં જ ખીલે એવું ના હોય એમ માનનારી દર્શનાને જે કોઈ પણ મળે એ એના ફુલગુલાબી સ્વભાવથી એની પ્રભાવક અસરમાં આવી જાય.

બંનેની સમાન રૂચિનાં એક આર્થિક ઉપાર્જન, બીજું પોતાના મકાન બનાવવા અને રીઅલ્ટી ક્ષેત્રે રોકાણ કરવું, ત્રીજું દર વરસે કયાંકને કયાંક પ્રવાસો કરવા... આમ જીવન પ્રવાહ વહેતો રહ્યો... સિનેમા જોવાનો બંનેને શોખ અને એટલે ગમા-અણગમાની વાતો પણ સહેજે નીકળી આવે. એ જમાનામાં અભિનેત્રી ઐશ્વર્યા રાયનો રૂઆપ અને અસર અનેક યુવાનોના દિલ પર છવાયેલો તો એમાંનો એક મનીષ પણ ખરો - એટલે વાતે વાતે એ મજાકમાં કહે 'દેખાવડી તો માત્ર ઐશ્વર્યા જ. અપ્સરા જેવી સુંદરી તો ખાસ ઐશ્વર્યા જ. ભગવાન આવીને કહે કે માંગ તે આપું તો હું ઐશ્વર્યા સાથે એક મુલાકાત માંગુ.'

હવે આવું વિચારનારા એક નહિ લાખ્ખો યુવાનો હોય છે એમાં નવાઈ નથી. પરંતુ પરિણિત પુરુષ જયારે જયારે આવી વાતો કરે ત્યારે પરિવારને ન ગમે - મનીષના દીકરાને પણ આ ન ગમતું એ તો ગુસ્સામાં લાલચોળ થઈ જતો પરંતુ દર્શના હંમેશા આવી વાતો સાંભળીને હસ્યા કરતી.

વેલેન્ટાઈન ડે આવી રહ્યો હતો અને મસ્તીમાં મનીષે કહ્યું, 'મારે મુંબઈ જવું પડશે ઐશ્વર્યાને ગુલદસ્તો આપવા.' દર્શનાએ કહ્યું, 'હા, હા, ટિકીટ બુક કરાવી દો' ને એ જ સાંજે દર્શનાને સ્કુટર પર જતા ભેંસ આડી ઉતરી ને એક્સિડન્ટ થયો. એક પગમાં વિશેષ સર્જરી કરાવવી પડી. ડૉકટરો પરિચિત હતા. તાત્કાલિક સારવારથી રાહત થઈ પરંતુ ત્રણ મહિના સંપૂર્ણ આરામ કરવા કહ્યું, આ સમયે ભલે કામવાળા ઘરનું કામ કરતા રહ્યા - રસોઈવાળા રસોઈનું કામ કરતા રહ્યા - ઘરમાં સાથે રહેતા સાસુ-સસરાની પણ સતત હૂંફ મળી પરંતુ સૌથી વધુ દર્શનાની કાળજી લીધી મનીષે. એની સારવારમાં - એના દવાઓ કે ભોજન લેવાના સમયપાલનમાં - એને રસ પડે એવી ફિલ્મોની ડીવીડી ઘરે લઈ આવવામાં - પુસ્તકો લાવીને વાંચવા માટે લાવવામાં એમ અનેક તબક્કે મનીષ સતત દર્શનાની સાથે રહ્યો અને પોતાના પ્રેમની અનુભૂતિ કરાવતો રહ્યો. એ ત્રણ મહિના કયારેક ગુસ્સો કરીને, કયારેક હસીને મનીષે માત્ર દર્શનાની જ કાળજી લીધી એમ નહિ એના બંને દીકરાઓના સ્કૂલ-ટ્યુશન અને સ્વિમીંગના સમય સચવાય એની કાળજી લઈધી. પથારીમાં પડ્યા પડ્યા આ બધ્ધું અનુભવી રહેલી દર્શનાના હૈયામાં આ લાગણી પુલકિત થતી રહી અને સમય જતા ફરી પાછી એ સ્કૂટર ફેરવવા માંડી અને શાળાએ પણ જવા માંડી.

આજે દર્શના કાર પણ ફેરવે છે અને વેલેન્ટાઈન ડે આવે એટલે એનો પતિ મજાક કરવા ફરી પેલી વાત કરે તો હસીને જવાબ આપે છે કે લેખના આરંભે છફાયો છે.

મજાની વાત એ છે કે આજે પણ એમનો દીકરો કહે છે કે 'મારા પપ્પાને મારી મમ્મી સિવાય કોઈ ગમવું જ ન જોઈએ' ને એના મમ્મી-પપ્પા એકબીજા પ્રત્યેના પ્રેમના બળથી એવું કહે છે કે કોઈ કોઈને ગમતું હોય તો એમાં ખોટું શું છે?

વેલેન્ટાઈન ડે આવે એટલે આ ઘટનાનું સ્મરણ થાય. પરંતુ મહત્વની વાત એ છે કે વેલેન્ટાઈન ડે ના હોય ત્યારે ૩૬૪ દિવસ પ્રેમમય જીવન પસાર કરનારાના હૈયામાં જ આવો પ્રેમપૂર્ણ વિશ્વાસ પ્રતિપાદિત અને પ્રતિષ્ઠિત થતો હોય છે.

કોઈ એકને પ્રેમ કરવો, અખંડ પ્રેમ કરવો એ પ્રેમ કે મૈત્રીનો અંત નથી પરંતુ સમગ્ર અસ્તિત્વને પ્રેમ કરવા તરફનો આરંભ છે. કોઈના તરફ જોવું - આકર્ષિત થવું ગમતાં થવું અને પ્રેમ અનુભવવો એ તમામ અનુભૂતિ જુદી છે.

જયારે જયારે એક બીજા પ્રત્યે વિશ્વાસનું વાતાવરણ વધુ મહોરે ત્યારે ત્યારે પ્રેમની અનુભૂતિ એક ઉત્સવનો આનંદ આપે છે. એના સંવાદને નહિ મૌનને સમજવામાં જ પ્રેમ પ્રગટ થઈ જાય છે.

આપણા પ્રિયજન ઉપરનો વિશ્વાસ વસંત થઈને મ્હોરે ત્યારે-જીવનમાં ડગલેને પગલે આચરણમાં આવે ત્યારે તે પ્રેમ બની જાય છે ને આવા દિવ્ય પ્રેમના અજવાળા આસપાસ રેલાય છે.

તેજપુંજ :

એક વ્યક્તિ તરફનો પ્રેમ અને શ્રદ્ધા જીવનને બળ આપતા હોય તો સમગ્ર અસ્તિત્વ તરફની આસ્થા જીવનને કેવું બળ આપે?

- જિબ્રાન

**જીવન અને પ્રેમપત્રો પુસ્તકમાંથી...**